# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન, 'એ' વિંગ, બ્લોક: ૧૦૭-૧૧૧, અમરેલી-૩૬૫૬૦૧
ફોન નંબર: (૦૨૭૯૨)-૨૨૨૯૩૬
E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com

નં.અડટ/ખાતાકીય વસુલાત/૨૦૨૩/ 368 તા.૧૬/૦૬/૨૦૨૩

વિષય: ખાતાકીય ઓડીટ મુજબ બાકી વસુલાતની કામગીરી કરવા બાબત.

સંદર્ભ: (૧) કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરના પરીપત્ર નં.હ-૧/અડટ/જીઆઇએ ૨૦૨૨/૨૬૭૦-૨૭૦૪, તા.૧૬/૧૧/૨૦૨૨
(૨) આ કચેરીના પરીપત્ર નં.અડટ/ખાતાકીય વસુલાત/૨૦૨૨/૨૨૩, તા.૧૮/૧૧/૨૦૨૨

## :: પરિપત્ર ::

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ પત્ર -૧ ના પરીપત્રથી પુન: વડી કચેરી દ્વારા જિલ્લાની તમામ અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ખાતાકીય ઓડિટ મેમા મુજબની વસુલાત બાકી હોય તેઓની આ રકમ ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવા અથવા નિભાવ ગ્રાન્ટેથી વસુલાત કરવા તથા કાબુ બહારના સંજોગો સિવાય વસુલાતની રકમ પરત કરવામાં શાળાઓ દ્વારા ચુક કરવામાં આવે એવા સંજોગોમાં ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪ ના નિયમ-૯૫ મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે, અગાઉ પણ આ કચેરી દ્વારા સંદર્ભ પત્ર-૦૨ ના પરીપત્રથી આ બાબતે શાળાઓને જાણ કરવામાં આવેલ હતી.

આ કચેરીના તા.૨૮/૧૧/૨૦૨૨ ના આદેશ નં.અડટ/કન્યા ફી ૨૦-૨૧/૨૨-૨૩/૭૪૦૧-૭૬૦૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ ના ખાતાકીય મેમા ની કન્યા ફી અંગેની રીકવરી વેવ કરવા આદેશ કરેલ છે તે સિવાયની ખાતાકીય મેમા મુજબની શાળા શરૂ થયેથી અત્યાર સુધીની કોઇપણ રકમ કે જે અગાઉ ચલણથી ભરેલ અથવા વસુલ થયેલ હોય અથવા જે રીકવરી સામે સ્કુલને વાંધો હોય તેવી રકમ વેવ કરવા માટે આધાર સહ દરખાસ્ત આ કચેરીને તા.૧૫/૦૭/૨૦૨૩ સુધીમાં રજૂ કરવી. (નિયત નમુનાનું રજૂઆત પત્રક આ સહ સામેલ છે.)

જો શાળા નિભાવ ગ્રાન્ટેથી વસુલાત ના કરાવવા ઇચ્છે તો ચલણથી ભરી આ કચેરીને નકલ આપી જાણ કરવી અન્યથા વડી કચેરીના પરીપત્ર મુજબ ચાલુ વર્ષે ખાતાકીય વસુલાતની વસુલાત અંગેની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વે એ નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિ. અમરેલી.



Scanned with CamScanner

# ખાતાકીય હિસાબી ઓડીટ રીકવરી અંગેની રજુઆતનું પત્રક

શાળાનું નામ

ઓડીટ વર્ષ

| વસુલાત કરેલ આઈટમ નંબર વસુલાત હેઠળનો કોડ નંબર | વસુલાતની રકમ | વસુલાત કરવાના કારણો | વસુલાત રકમ માટેની શાળાની આઈટમ વાર રજૂઆત | વસુલાત રકમ માટેની શાળાની રજૂઆત પરથી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરેલ ભલામણ | ઓડીટ પાર્ટીનો અભિપ્રાય | સિનિયર ઓડીટરની ભલામણ | ઓડીટ અધિકારીશ્રીનો આદેશ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | આચાર્યશ્રીનો સહી/સિક્કો | જીલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી/સિક્કા | | | |

Scanned by CamScanner

Scanned with CamScanner